# ડીપીએસમાં યોજાયો ગરબા કાર્યક્રમ




વિદ્યાર્થીઓમાં ભક્તિ અને શ્રદ્ધાના ભાવનું સિંચન થાય તે હેતુથી દિલ્હી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓ ઉત્સાહથી આ ગરબા કાર્યક્રમમાં જોડાયા હતા. શિક્ષકોએ માતાજીની આરતી અને સ્તુતિ કરી હતી.

## સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

# આરજી-એસબી કન્યા વિદ્યાલયમાં ગરબા કાર્યક્રમ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર જી પટેલ કન્યા માધ્યમિક અને શ્રીમતી એસ બી પટેલ કન્યા ઉચ્ચતર માધ્યમિક શાળા, ખાતે નવરાત્રી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. આચાર્ય ગિતેષભાઈ પટેલ, સુપરવાઈઝર રમેશભાઈ પટેલ, ગીતાબેન પટેલ અને સ્ટાફ દ્વારા માતાજીની આરતીના માધ્યમથી ઉજવણીની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓ, સ્ટાફ મિત્રો સૌ સાથે મળીને ગરબે ઘૂમ્યા હતા.

## જન્મદિને વધામણી



મિહીર પરેશભાઈ રાવળ
મો. ૯૯૯૮૫૫૭૨૩૩



હિરવા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



હેત્વા દક્ષેન ત્રિવેદી
મો. ૯૮૨૪૨ ૬૬૧૬૦



અવની
દિપકકુમાર નિર્મલ
મો. ૯૯૨૪૪ ૯૧૨૭૭

જન્મદિનો વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોનો વિનંતી છે કે મોડામાં મોડી આ તસાવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસાવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

\- સંપાદક

## પ્રયાસ ફાઉન્ડેશનના ઉપક્રમે

# સે. ૨૯ની સરકારી સ્કૂલમાં ઉજવાયો માતૃ દિવસ







એક વિશિષ્ઠ અલગ પ્રકારના અને અગત્યના દિવસની ઉજવણીનો અનોખો કાર્યક્રમ સેકટર ૨૯ની સરકારી સ્કૂલમાં ઉજવવામાં આવ્યો : ‘ માતૃ આશિષ દિવસ’. શારિરીક માનસિક વિશિષ્ટ બાળકો દ્વારા માતાના ચરણોને જળાભિષેક અને કંકુ ચાંદલા કરી પૂજન કરવામાં આવ્યુ, અને સાંસ્કૃતિક પ્રોગ્રામનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. માતાઓએ પોતાનાં બાળકોને સફળતા અને સ્વસ્થતાના આશિર્વાદ આપ્યા હતા. આ પ્રસંગે લાગણીસભર દ્રશ્યો પણ જોવા મળ્યાં હતાં. આ સફળ અને પ્રશંસનીય કાર્ય પ્રયાસ ચેરીટેબલ ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યો હતો. ફાઉન્ડેશન તરફથી બાલાસરસ્વતીએ આ સુંદર દિવસની ઉજવણી કરવાનો સફળ પ્રયત્ન કર્યો હતો.અને તેઓ આ પ્રકારની પ્રવૃતિ દ્વારા બાળકો અને યુવાઓમાં માતાપિતાની સેવા કરવી અને તેઓનું માન સન્માન જાળવવુ જોઈએ તે પ્રકારનો સંદેશ પહોંચાડવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. આ પ્રસંગે ગાંધીનગર મહાનગરપાલિકાનાં મેયર રીટાબેન પટેલે ઉપસ્થિત રહી, બાળકોને આશીર્વાદ પાઠવ્યા હતા.



ગાંધીનગર, તા. ૫

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે નવરાત્રી નિમિત્તે રાસ ગરબા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓએ ભાતીગળ વેશભૂષામાં સજ્જ થઈ આ ગરબા કાર્યક્રમમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. આચાર્ય, શિક્ષકો તથા સ્ટાફના સભ્યો પણ વિદ્યાર્થીઓ સાથે આ ગરબા કાર્યક્રમમાં સાજેદાર થયા હતા.

# આરાધના વિદ્યાવિહારમાં નવરાત્રી ઉજવણી



વેદ ગ્રુપ સંલગ્ન આરાધના વિદ્યાવિહાર ખાતે નવરાત્રી પર્વ નિમિત્ત રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ વિદ્યાર્થીઓ અને સ્ટાફમિત્રોએ ઉત્સાહથી રાસ-ગરબા રમીને નવરાત્રીની ઉજવણી કરી હતી. ઉત્કૃષ્ટ રીતે રાસ-ગરબા રમનારા વિદ્યાર્થીઓને શાળા તરફથી ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

# સરસ્વતી વિદ્યાલય દ્વારા ગરબા કાર્યક્રમ યોજાયો



સેક્ટર-૬ ખાતે સ્થિત સરસ્વતી વિદ્યાલયમાં નવરાત્રી પર્વ નિમિત્તે ગરબાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. કેજીથી માંડીને ધોરણ-૧૨માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ સાથે મળીને આ ગરબા કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓ સાથે શાળાનો સમગ્ર સ્ટાફ પણ ગરબાના તાલે ઝૂમ્યો હતો.

# શ્રી જે બી પ્રાથમિક શાળામાં રાસ-ગરબા કાર્યક્રમ યોજાયો



સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં મા આદ્યશક્તિની આરાધનાના પર્વ નવરાત્રી નિમિત્તે રાસ-ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આચાર્ય નીવાબેન પટેલ, સુપરવાઈઝર્સ અને શિક્ષકો દ્વારા આરતીના માધ્યમથી પર્વની ઉજવણીની શરૂઆત કરાયા બાદ ટ્રેડિશનલ ડ્રેસમાં સજ્જ વિદ્યાર્થીઓ અને શિક્ષકો - સૌ સાથે મળીને રાસ-ગરબામાં જોડાયા હતા.

# માતૃભાષાથી વૈશ્વિકતા તરફ પ્રસ્થાન....

## માતૃભાષા-ચિંતન

માતૃભાષાની વાત કરીએ ત્યારે ઘણા વિરાટપુરુષોને એ વાત સંકુચિત લાગતી હોય છે. એમની સહજ પ્રતિક્રિયા હોય... ‘કયા જમાનામાં જીવો છો !’ માતૃભાષાની વાત કરવી, વિચારવી એ સંકુચિત ! જે ભાષા બોલી-બોલીને આપણે મોટા થયા, જીવનની સમજણ કેળવી, આપણી પરંપરાઓને સમજ્યા, સંસ્કારો અને જીવનમૂલ્યો સાથે એકરૂપ થયા, એ ભાષા શીખવી જેમને પણ સંકુચિતતા લાગતી હોય તો હું એમને વિરાટ કે વૈશ્વિક નહીં, વામન કહીશ. જેમને ગ્લોબલ બનવાની ઉતાવળ હોય તેમને હું તો એટલું જ કહીશ કે પહેલાં સાચા લોકલ બનો, ગ્લોબલ આપોઆપ બનાશે.

‘પગલે પગલે પંથ ખૂલે’ એ ઉક્તિ બધાએ યાદ રાખવી જોઈએ. એક પગલું ચાલીએ એટલે એક પગલું દૂરની ક્ષિતિજ દેખાય. પહેલું પગલું ભરતાં કોણે શીખવ્યું? માતાએ.... અને માતાએ આપેલી ભેટ માતૃભાષાએ. એની અવગણના શી રીતે કરાય ? એ તો માતાનો અને માતૃભાષાનો દ્રોહ છે.

આપણી ભાષામાં આપણી પોતાની માટીની મહેક છે, આપણી પ્રકૃતિ અને સંસ્કૃતિનું તેજ છે, આપણી ભૂમિનો ગૌરવવંતો વારસો છે. એને ઠેબે ચડાવીને અંગ્રેજી જેવી પરભાષાને ગળે લગાડવામાં કયું શાણપણ છે ? મેકોલે નામના એક અંગ્રેજે ૧૮૩૫માં આપણને અંગ્રેજીની લોલીપોપ આપી અને આપણી ભાષા ભુલાવી, જેથી આપણે ‘આપણે’ મટી જઈને ‘કાળા અંગ્રેજ’ જેવો વ્યવહાર કરી. કંઈક નવું શીખવામાં કંઈ વાંધો નથી, પણ આપણું પોતાનું શાને ભૂલી જવું? એક અંગ્રેજ દેશના કરોડો લોકોનું માનસ બદલી નાખે એટલા નબળા મનના છીએ આપણે ? આપણે તો અમૃતપુત્રો છીએ... ‘વયમ અમૃતસ્ય પુત્રાઃ’, સિંહશાવક છીએ. આપણી ગર્જના વિસ્વના ખૂણે ખૂમે સંભળાવવાની તાકાત છે આપણામાં. આપણી ગર્જના આપણી ભાષામાં હોય કે પારકી ભાષામાં ? આપણે તો અંગ્રેજીને અમર્યાદ પ્રેમ કરવામાં આપણું ઝમીર અને ખમીર ગુમાવી બેઠા, આપણું સત્ત્વ અને સ્વાભિમાન ગુમાવી બેઠા.

આપણી સંસ્કૃત ભાષા અને બધી જ ભારતીય ભાષાઓ જે સંસ્કૃતમાંથી જન્મેલી છે તેમાં છુપાયેલો જ્ઞાનવૈભવ જાણવાની કે માણવાની ક્ષમતા પણ આપણે ગુમાવી બેઠા. જર્મની અને અરબસ્તાન જેવા દેશોએ સંસ્કૃતના જ્ઞાનવૈભવને પિછાણી અનેક વૈજ્ઞાનિક રહસ્યો શોધ્યાં. સંસ્કૃત ગ્રંથોને માથે ચડાવ્યા. આજે ભારતના વિદ્વાનોએ સંસ્કૃતની છેલ્લી પદવી મેળવવા જર્મની જવું પડે એ કેવો મોટો ઉપહાસ છે ! ઈંગ્લેન્ડની શાળાઓ સંસ્કૃત શિખવાડે અને ભારતની શાળાઓ નાનપણથી અંગ્રેજી શિખવાડે એ કેવી કરુણતા ! આત્મવિસ્મરણ અતિ ભયાનક વ્યાધિ છે. પોતાની જાતને ભૂલી જવું એટલે કોમામાં સરી પડવું.

અંગ્રેજી ભાષાને આપણે એટલો બધો પ્રેમ કર્યો કે આપણે આપણી મૌલિકતા, સર્જનશીલતા અને પ્રયોગશીલતા ગુમાવી બેઠા. જો અંગ્રેજો, મોગલો અને ફિરંગીઓ જેવા આક્રમણખોરો દ્વારાભારતની પ્રયોગશીલતાને દબાવી દેવામાં ન આવી હોત તો ચંદ્ર પર માનવને મોકલવાનું શ્રેય સર્વપ્રથમ ભારતને મળ્યું હોત. ભારતના આર્યભટ્ટ, વરાહમિહિર, બ્રહ્મગુપ્ત અને ભાસ્કરાચાર્ય જેવા મહાન ખગોળ વિજ્ઞાનીઓ તથા ગણિત-શાસ્ત્રીઓના સૂક્ષ્મ જ્ઞાનનો ભંડાર ભારતની સંસ્કૃત ભાષામાં સચવાયેલો છે. આજથી હજારો વર્ષે પૂર્વે ભારદ્વાજ નામના ઋષિએ પોતાના ‘બૃહદ વિમાન સંહિતા’ નામના ગ્રંથમાં ૪૦૦ જેટલાં વિમાનો બનાવવાની રીત આપી છે જે સંસ્કૃત ભાષાનો અમૂલ્ય જ્ઞાનભંડાર છે. દુર્દૈવથી વિમાનની આ શોધ ‘રાઈટ બ્રધર્સ’ના નામે ચડેલી છે. મહાભારતના શાંતિપર્વમાં પ્રકાશની ગતિનું માપ દર્શાવેલું છે અને આ પણ સંસ્કૃતમાં છે. ગુરુત્વાકર્ષણના નિયમો ૧૧૧૪માં જન્મેલા ભાસ્કરાચાર્યે પોતાના ‘સિદ્ધાંત શિરોમણિ’ નામના ગ્રંથમાં ‘ગોલાધ્યાય’ નામના પ્રકરણમાં દર્શાવેલા છે, જે સત્તરમી સદીમાં થઈ ગયેલા ન્યૂટનના નામે આપણા વિદ્યાર્થીઓ ભણે છે.

વિજ્ઞાન, ગણિત કે યંત્રવિજ્ઞાન કંઈ અંગ્રેજી ભાષાનો ઈજારો થોડો છે ! ભારતીય ભાષાઓમાં સંગૃહિત વિજ્ઞાન-વારસો તો અસીમ છે, અમાપ છે, જેનું ગૌરવ લેવાનીય ત્રેવડ આજના મેકોલેપુત્રોમાં નથી !

પોતાની માતૃભાષા, રાષ્ટ્રભાષા અને સંસ્કૃત ભાષાની સાધના કરનાર કેટલાક ભારતીય મહામાનવો વિશ્વમાનવ તબની ગયા. સમગ્ર વિશ્વમાં તેઓ પોતાના જ્ઞાનને કારણે આદરપાત્ર બન્યા. એ શ્રેણીમાંના બે મહાનુભાવો એટલે સ્વામી વિવેકાનંદ અને મહર્ષિ અરવિંદ.

આ લેખ હું સપ્ટેમ્બરના છેલ્લા દિવસોમાં લખી રહ્યો છું અને આ મહિનો સ્વામી વિવેકાનંદનું સ્મરણ કરાવે છે. ૧૧ સપ્ટેમ્બર, ૧૮૯૩નો ઐતિહાસિક દિવસ. અમેરિકાના શિકાગો શહેરમાં કોલંબસ હૉલમાં વિશ્વના ૮ હજાર ધર્મગુરુઓ-વિદ્વાનો વિશ્વધર્મ પરિષદમાં ઉપસ્થિત હતા. સ્વામી વિવેકાનંદનું એમાં ધર્મ વિશે ખૂબ પ્રભાવી પ્રવચન થયું. હિન્દુ ધર્મને એમણે પોતાના ઓજસ્વી શબ્દોમાં વિશ્વધર્મ-માનવધર્મ તરીકે પ્રસ્થાપિત કર્યો. એમની વાણીથી સમગ્ર વિશ્વ સ્તબ્ધ હતું, મંત્રમુગ્ધ હતું. તેઓ વિશ્વમાનવ તરીકે પ્રસ્થાપિત થયા. એમનું એ ઐતિહાસિક પ્રવચન અંગ્રેજી ભાષામાં હતું. જે જ્ઞાન એમણે ભારતીય ભાષાઓમાંથી મેળવ્યું એની અભિવ્યક્તિએ એમને વિશ્વમાનવ બનાવ્યા.

મહર્ષિ અરવિંદે ભાખ્યું છે તેમ ભારતનું ભાવિ ઉજ્જવળ છે. એ અખંડ અને વિશ્વનું સર્વાધિક તેજસ્વી રાષ્ટ્ર બનીને જ રહેશે. મહર્ષિની ભવિષ્યવાણીને સત્યમાં પરિવર્તિત કરવા પ્રત્યેક ભારતીય જણે કટિબદ્ધ અને પ્રતિબદ્ધ થવું પડશે. સંધિકાળમાંથી પસાર થયેલા. ભારતને અત્યારે વૈશ્વક સ્તરે તેજ પાથરનારનું નેતૃત્વ પણ સાંપડ્યું છે. અત્યારે ભારતનો સામાન્ય માનવી પણ આ દિશામાં વિચારતો થયો છે. સામા પ્રવાહમાં તરવા જેવું લાગે, પરંતુ રાષ્ટ્રહિતની શાશ્વત સંકલ્પનાઓનો સ્વીકાર કરી તદનુરૂપ આચરણ કરવાની મનઃસ્થિતિ જો આપણે કેળવીશું તો ઈષ્ટ પરિણામો મેળવી શકીશું.

અહીં જે રાષ્ટ્રહિતની શાશ્વત સંકલ્પનાઓનો ઉલ્લેખ છે તેનું હું આ રીતે સમજાવવા માગું છું. રાષ્ટ્રની પ્રત્યેક વ્યક્તિ રાષ્ટ્રહિતમાં વિચારે. સંસ્કૃતિ રાષ્ટ્રનો પ્રાણ છે. સંસ્કૃતિનું જતન જન-જનનો વિષય બને. અસ્મિતાનું જાગરણ કરવાની તીવ્ર આકાંક્ષા રાષ્ટ્રના પ્રત્યેક ઘટકમાં જન્મે, રાષ્ટ્રની - એ ત્રણ ‘સ્વ’ સાથે પ્રત્યેક જોડાય. જો આવું થાય તો દરેકમાં રાષ્ટ્રીય સ્વાભિમાનની ચેતના જાગૃત થાય.

નથી લાગતું કે ભારતીય ભાષાઓ આપણા સ્વાભિમાનને ઢંઢોળી શકે છે અને ગુલામીના ઓછાયામાંથી મુક્ત કરી શકે છે ? પારકી ભાષા, વિદેશીઓની વાનરનકલ, વિદેશી પરિવેશ અને વ્યવહારનું આંધળું અનુકરણ કરવાથી આપણામાં ‘સ્વત્વભાવ’ નહીં જ જાગે એ વાત નક્કી છે. માટે વહેલી તકે પાછા વળીએ.

પંડિત દિનદયાળ ઉપાધ્યાયના ‘એકાત્મ માનવવાદ’ના વિષયમાંથી હું એવું સમજ્યો છું કે વ્યક્તિવિકાસના ૭ તબક્કા છે - વ્યક્તિ, પરિવાર, સમાજ, રાષ્ટ્ર, વિશ્વ, સૃષ્ટિ અને પરમેષ્ટિ. અત્રે આ વિષયનું વિસ્તરણ કરી શકાય તેવો અવકાશ નથી. પણ એનો સારાંશ એટલો જ કે લોકલ બન્યા વિના ગ્લોબલ ન બની શકાય. સ્વની સાધના એવી રીતે કરવી કે સ્વથી સર્વની દિશા પકડાય. અને આ લક્ષ્ય સુધી પહોંચવાના રાજમાર્ગનો પહેલો પડાવ છે માતૃભાષા. માતૃભાષાનો સત્કાર જ શ્રેય છે. જો આપણે આપણું પણ અને જગતનું બધું સ્પર્શવું હોય તો સ્વભાષા જ એનું પ્રથમ સોપાન હોઈ શકે. સીધી અંગ્રેજી ભાષાની અમર્યાદ ઘેલછા વૈશ્વિકતા તરફ નહીં લઈ જઈ શકે પણ પછાતપણા અને ગુલામી તરફ લઈ જશે.